Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

# THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૧૭ ● તા. ૨૦.૦૪.૨૦૧૦ થી ૨૬.૦૪.૨૦૧૦ ● અધિક વૈશાખ સુદ ૦૬ થી અધિક વૈશાખ સુદ ૧૩ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## ગ્રીસ, ગોલ્ડમેન કાંડની અસર અને આરબીઆઈની મિટીંગ પર બજારની નજર રહેશે

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૨૨૭૦૬૭૬૬૨

નમસ્કાર મિત્રો,

એક નજર વિતેલા સપ્તાહમાં બજારોની ચાલ પર નાખી લઈએ. વિતેલા સપ્તાહ દરમ્યાન નિફટી અને સેન્સેક્સ ૨ ટકા ઘટીને બંધ રહ્યા. આઈટી અને રિયલ્ટી ક્ષેત્રને બાદ કરતા લગભગ બધા જ ક્ષેત્રના શેરોમાં વેચવાલી રહી હતી. આગામી સપ્તાહે આરબીઆઈની જાહેરાતો આવવાની છે તેના પગલે આ ઓટો અને બેંક ક્ષેત્રમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. બીએસઈ બેંક અને કેપીટલ ગુડઝ ઈન્ડેક્ષ ૩ ટકા નીચે રહ્યો હતો જ્યારે આઈટી અને રિયલ્ટી ઈન્ડેક્ષ ૧૧.૫ ટકા જેવો ઉંચકાયો હતો. મુખ્ય શેરોમાં સુઝલોન ૫ ટકા, ભેલ ૩ ટકા, એનટીપીસી ૨.૨ ટકા, એક્ષિસ બેંક, એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈ બેંક ૩ ટકા થી ૬ ટકા સુધી ઘટ્યા હતા.

**બુલ માર્કેટમાં ન્યૂઝના કારણે પેનિકથી ઘટી ગયેલા શેરોમાં લેણ કરી તરત પ્રત્યાઘાતી ઉછાળામાં નફો બુક કરવાની ટ્રેડીંગ સ્ટાઈલ અનુસરી શકાય**

ઈન્સ્યોરન્સ ક્ષેત્રે સેબી અને ઈરડા (વીમા નિયમન ઓથોરિટી) વચ્ચે યુલીપ મુદ્દે ચાલી રહેલી બબાલને કારણે મેક્ષ ઈન્ડિયા, બજાજ ફિન. સર, આદિત્ય બિરલા નુવો જેવા ઈન્સ્યોરન્સને સ્પર્શતા શેરોમાં ઘણો કડાકો જોવા મળ્યો હતો.

આઈટી શેરોમાં ઈન્ફોસીસ, ટીસીએસ અને એચસીટી ટેક. માં ૨થી લઈને ૪ ટકા સુધીનો વધારો જોવાયો હતો. જેનું મુખ્ય કારણ ઈન્ફોસીસના ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામો હતા.

રિયલ્ટી શેરોમમાં યુનિટેક ૬.૮ ટકા વધ્યો હતો. ટાટા સ્ટીલ ૨.૭ ટકા જ્યારે એફએમસીજીમાં હિંદ યુનિલિવર અને ગોદરેજ કન્ઝયુમર પણ સારા વધ્યા હતા. સ્મોલકેપ શેરોમાં પાયોનિયર ઈએમબી, કામત હોટલ, એચઓવી સર્વિસ, ૨૨-૪૦ ટકા વધ્યા હતા. જ્યારે બાલાજી ટેલી, પ્રાઈમ સેક., સરદાર એનર્જી ૧૫-૨૦ ટકા વધ્યા હતા. ઉપરાંત ઈન્ડિયા બુલ ફાઈનાન્સ ૧૧ ટકા, ઓરબીટ કોર્પો. ૧૦ ટકા વધ્યા હતા.

**વૈશ્વિક ફલક :** અમેરિકન સેબી સેક. દ્વારા ગોલ્ડમેન પર મુકાયેલા આરોપોની બજારો પર સીધી અસર થવી જોઈએ. મારા માટે આ મુદ્દો થોડાક દિવસોમાં સમી જવો જોઈએ. ગ્રીસ દ્વારા આગામી મહિને બોન્ડ ઈસ્યુ આવવાનો છે તેના પર અને તેની અસરો પર નજર રાખવી જોઈએ.

એક બાજુ ચાઈનામાં પ્રોપર્ટી અને કન્સ્ટ્રકશન બબલની વાત ચાલી રહી છે ત્યાં બીજી બાજુ છેલ્લા જાહેર થયેલા વિકાસના આંકડાઓ મુજબ કારણો હમેશા ઉપસ્થિત હોય જ છે.

સામાન્ય ટ્રેડર અને રોકાણકાર એમ વિચારે છે કે કયાં છે કારણ ક્યા છે કારણ ? બજારો વધવા ઘટવા માટે ફાંફા મારીને કારણો શોધતા રહે છે. અથવા વધ્યા ઘટ્યા પછી તેની પૃચ્છા કરતા રહે છે. તો જાણી લો કે આ રીત બરાબર નથી.

પ્રિય મિત્રો, કારણો હમેશા બજારમાં હાજર જ હોય છે. શું કશું કારણ વગર દુનિયામાં કંઈ થાય છે ? છેલ્લે કોઈ સમજાવી ન શકાય તેવું હોય તો તેનું કારણ સાઈકોલોજીકલ હોય છે. પરંતુ તે પણ પાછળથી તો સમજાવી શકાય તેવું હોય જ છે. માટે મિત્રો કારણોની પાછળ ના ભાગવું જોઈએ. અને પાયા બેઝીક નિયમો રોકાણ અને ટ્રેડીંગ માટેના તેના પર ધ્યાન આપવું જોઈએ. શું ગત વર્ષમાં સબપ્રાઈમ થકી કડાકો આવ્યો તેની પાછળ બજારો વધતાં જતા હતા તો શું ત્યારે સબપ્રાઈમ નહોતો કે શું સબપ્રાઈમ અચાનક આકાશમાંથી કુદીને કે પાતાળમાંથી ફાટીને આવી પડ્યું. ના. કારણો બજારોમાં હમેશા મોજૂદ જ હોય છે. બસ તેની અસર કયારે થશે અને થશે કે નહીં એની કેટલીક તેમજ કેટલીવાર સુધી અને કેટલી મેગ્નીટ્યુડ નીટ એ એનાલિસીસ કરે તો સાચો રિસર્ચર અને એનાલિસ્ટ કે ઈકોનોમિસ્ટ જે કહો તે.

**ભલામણો :** મિત્રો, અત્રે આપને ટૂંકાગાળા માટે ઘટાડે લેણ કરીને ઉછાળે પ્રોફીટ કરવ માટે નીચેના શેરોમાં કામ કરવું.

**આદિત્ય બિરલા નુવો, મેક્ષ ઈન્ડિયા, બજાજ ફીન. સર્વિસ, અલ્ટ્રાટેક સીમેન્ટ,** જ્યારે અગાઉ આપેલી ભલામણો **સીન્ટેક્ષ, એસકેએફ, મઝદા વગેરેં નીચેની ઉમેરી દેવી. હિન્દયુનિલિવર, માઈક્રો. ઈલેક. ડીસીએમ શ્રીરા કન્સોલીડેટેડ, ટાઈમ ટેકનોપ્લાસ્ટ.**

**કોમોડીટી :** કોમોડીટીમાં ટ્રેડીંગ કરનારે નીચેના મુખ્ય લેવલો ધ્યાનમાં રાખવા.

**ઝીંક :** ૧૦૮.૮૦ સાપ્તાહિક બંધ આવે તો જ લેણ કરવું અને ૧૧૫થી ૧૧૭ નો ભાવ મળે.

**એલ્યુમિનિયમ :** ૧૦૭.૩૦ સાપ્તાહિક બંધ આવે તોજ લેણ કરવું. અને ૧૧૨ અને ૧૨૭નો ટાર્ગેટ મળે.

**નિકલ :** ૧૨૪૦ સાપ્તાહિક બંધ આવે તો જ લેણ કરવું. ઉપરમાં પોતાની રીતે પ્રોફીટ બુક કરવો. ૧૦૦ રૂા. સુધી ઉછળી શકે છે.

**નેચરલ ગેસ :** નેચરલ ગેસમાં અફડાતફડી છે. માત્ર ૧૮૬.૩૫ ઉપર સાપ્તાહિક બંધ આવે તોજ લેણ કરવું. ઉપરમાં ૧૯૬.૧૫ ઉપર સાપ્તાહિક બંધના આવે તો એક્ષિટ થવું.

## ૧૦ ટકાના આંકડાએ પહોંચેલો ફુગાવો ચિંતાજનક છે છતાં સ્ટોક સ્પેસિફીક એપ્રોચ લાભદાયી નિવડશે : સારો વરસાદ હશે તો ઈન્ડેક્ષ દિવાળી સુધી ૨૦,૦૦૦ થશે

### ગોલ્ડ માઈન

મોના વકીલ

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેરબજારનો સૂચકઆંક છેલ્લા ત્રણ દિવસથી ઘટીને આવે છે. અને ૧૭૬૦૦ બંધ આવ્યો છે. ટેકનીકલી બજાર નબળું લાગી રહ્યું છે. ખૂબ વિચારીને કામ કરવા જેવું છે. ત્રણ દિવસ ઘટે છે અને ત્યાર બાદ એકદમ ઉછાળો આવે છે. જેથી ટ્રેડીંગ કરવાવાળો પણ તકલીફમાં આવી જાય છે.

જેણે આ તેજીમાં લાભ નથી લીધો અથવા જેની પાસે તાજેતરમાં જ ઈન્વેસ્ટમેન્ટ માટે સરપ્લસ મૂડી આવી હોય એવા લોકો ગમે તે ભાવે રોકાણ કરે છે. અને પછી તકલીફમાં મુકાય છે.

અમે આ કોલમમાં રોકડાની સાઉન્ડ ફન્ડામેન્ટલ, તથા સારા મેનેજમેન્ટવાળી સ્ક્રીપો અવારનવાર જણાવીએ છીએ.આવા શેરોમાં નાના પાયે રોકાણ કરવું ભયજનક નથી. પણ લાંબાગાળે ખૂબ સુંદર વળતર આપશે. આ કોલમમાં જણાવેલ લીન્કપેન, પ્રીમીયર એક્ષ્પ્લોસીવ, કોલટેક એનર્જી, ટૂંકાગાળામાં ત્રણથી ચાર ગણા થયા છે. આગલા અંકમાં ૨૦ રૂા.માં લેવા જણાવેલ કામધેનું ઈસ્પાત ત્રણ દિવસમા ૨૮ થઈ હાલ ૨૪ છે. ૫૦ ટકાનો નફો બુક થાય.

૩૧-૩-૨૦૧૧ના રોજ પૂરા થતા વર્ષ માટે ૨૦-૪-૨૦૧૦ના રોજ આરબીઆઈ મોનિટરી પોલીસી રજૂ કરશે. એમાં ૨ ઈન્ક રુલ્સના માટે વધારો નહીં કરે. કારણ કે ઈકોનોમીમાં અપવર્ડ ટ્રેન્ડ આવ્યોછે. તે અટકી ના જાય તે જોવાનું છે. છતાં ફુગાવાના રાક્ષસને ડામવાનો પણ છે. પણ ઈકેક્શન નજીકમાં નહીં હોવાથી આકરા પગલાં નહીં લે. આગામી અઠવાડીયામાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. એડવાન્સ માઈક્રોનિક ડીવાઈસીસ લીમીટેડ**

**બીએસઈ કોડ. ૫૧૭૫૫૨** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૪૯ માં મળતો આ શેર નીચેના કારણોસર લેવા જેવો છે.

(૧) કંપનીના પ્રમોટરો ઓપ્ટો સર્કિટ લીમીટેડ આ કંપનીન ૬૦ ટકા સ્ટેક ધરાવે છે. ઓપ્ટો સર્કિટ કંપનીના પ્રમોટરો શેર હોલ્ડરોને ન્યાલ કરી દેવાની ભાવના વાળા છે. ૨૦૦૧માં ૪૦ રૂા.ના ભાવે ૧૦૦૦ શેર બોનસ શેર આપ્યા છે. ત્યારબાદ તેનું મૂલ્ય ૧૦ વર્ષમાં ૪૦૦૦૦ના ૧૦ લાખ રૂા. થાય છે. તથા બોનસ બાદ પણ ૫૦ ટકા ડીવિડન્ડ દર વર્ષે આપે છે. આવા પ્રમોટરોની આ કંપની છે.

(૨) કંપની હેલ્ડકેર જેવા ઉભરતા ક્ષેત્રની કંપની છે

(૩) ડીસે. - ૨૦૦૯ના કવાર્ટર માટે રજૂ થયેલા કંપનીના પરિણામો ઉત્તમ છે. ડીસે-૨૦૦૮ના કવાર્ટરના ૪૦ લાખના નફાની સામે ડીસે-૨૦૦૯માં ત્રણ મહિનામાં નફો બે કરોડ ૨૫ લાખનો બતાવ્યો છે. આમ ૫૦૦ ટકાનો નફામાં ઉછાળો છે. આ કંપનીના ઓપરેટિંગ માર્જીનમાં ૨૬ ટકા અને નેટપ્રોફિટ માર્જીનમાં ૨૧ છે. જે ઘણું સુંદર કહેવાય. આગામી વર્ષમાં કંપની ૧૨ થી ૧૪ ઈપીએસ બતાવી શકે. આવા સુંદર મેનેજમેન્ટવાળી કંપનીને ૭ થી ૮ નો કન્ઝર્વેટીવ પીઈ આપીએ તો પણ ભાવ ૮ થી ૧૨ મહિનામાં ૧૦૦ રૂા. થઈ શકે.

(૪) કંપનીની કેપીટલ ફક્ત ૫ કરોડની છે. જેમાં પ્રમોટરો ૬૦ ટકા સ્ટેક ધરાવે છે. આમ ફલોટીંગ સ્ટોક ખૂબ ઓછો છે.

(૫) કંપની નિયમતિ ડીવીડન્ડ ચૂકવે છે. આ બધું જોતા આ ભાવે ૫૦૦ થી ૧૦૦૦ની માત્રામાં અચુક લેવાય.

**૨. ઈન્ડસીલ હાઈડ્રો**

**બીએસઈ કોડ. ૫૨૨૧૬૫** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૭૨ માં મળતો આ શેર ભવિષ્યનો સુપર સ્ટાર છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) કંપની પાવર અને સ્ટીલ જેવા આકર્ષક ઈન્ડસ્ટ્રીમાં છે.

(૨) ૩૧-૧૨-૦૯ના કવાર્ટરમાં કંપનીએ અભૂતપૂર્વ પરિણામો બતાવ્યા છે. ૩૧-૧૨-૦૮ના કવાર્ટરમાં ૫૫ લાખના નફાની સામે ૩૧-૧૨-૦૯ના કવાર્ટરમાં ૪ કરોડ ૫૨ લાખનો નફો બતાવી નફામાં ૮૦૦ ટકાનો ઉછાળો બતાવ્યો છે. અને ૫ રૂા. ઈપીએસ ૯ કરોડ ૪૫ લાખની કેપીટલ ઉપર બતાવી છે. તથા ઓપરેટીવ માર્જીનમાં ૨૪ ટકા અને નેટ પ્રોફીટ માર્જીનમાં ૧૯ ટકા બતાવ્યો છે જે અતિસુંદર છે.

(૩) કંપનીની શેરમૂડીમાં પ્રમોટરો ૫૦ ટકા અને કેરાલા ગવર્નમેન્ટ ૬ ટકા સ્ટેક ધરાવે છએ.

(૪) જાણીતા ઓપરેટરની રડારમાં આ શેર છે.

આ ભાવે ૨૦૦થી ૩૦૦ની માત્રામાં અચુક ટૂંકાગાળામાં ૧૦૦ થઈ શકે.

**૩. કોન્કોરન્ટ (ઈન્ડિયા)**

**ઈન્ફન્ટીવ**

**બીએસઈ** ખાતે લીસ્ટેડ રૂા. ૨૦ માં મળતો આ શેર ૬ મહિના રાખનારને અણધાર્યું આકર્ષક વળતર મળી શકે. તાજેતરમાં કંપનીએ દુનિયાના સૌથી ધનિક દેશ સઉદી અરેબીયાના પ્રિન્સ ફૈસલ બીએમ ટુકી જોડે સાઉદી અરેબિયામાં ગ્રાઉન્ડ હેન્ડલીંગ સર્વિસ નાખવાના નેટ જેકમાં કંપની ઉભી કરી છે. એમાં આ કંપની ૪૯ ટકા હિસ્સો ધરાવે છે. આમાં જો કંપની સફળ જાય તો નવી અઢળક ઓર્ડરો કંપનીને મળી શકે. નાની માત્રામાં અચુક લેવાય.

આ પેપરના તંત્રી શ્રી નરેન્દ્રભાઈ ઈન્વેસ્ટરોના હિતમાં ૧૮-૪-૧૦ના રોજ એક સેમિનાર યોજી રહ્યા છે. તેમને શુભેચ્છાઓ. અનેક તકલીફો વચ્ચે તેમણે પ્રકાશને જાળવી રાખ્યું છે અને સંગીન ગતિએ આગળ વધી રહ્યા છે.

## પરિણામની મોસમ આવી છે, સાવચેતીપૂર્વક આગળ વધો

### બજાર મારી દ્રષ્ટિએ



ચમલ વ્યાસ
મો. ૯૪૨૮૧૦૫૪૧૦

શુક્રવારે ભારતીય શેર બજારો બંધ થયા પછી એવા સમાચાર આવ્યા કે અમેરિકાની સેક દ્વારા ગોલ્ડમેન સાક્સ ઉપર કેસ કરવામાં આવશે અને તેના પગલે બાજારમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘટાડો જોવા મળ્યા. અમેરિકાના બજારો લગભગ ૧.૨૫ ટકા ઘટ્યા. એવી ધારણા રાખવામાં આવે છે કે સોમવારે ભારતીય બજારો નીચા ખૂલશે અને નિફટી ૬૦ થી ૭૦ પોઈન્ટ સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ નીચે ખૂલવાની શક્યતા છે.

સતત સાત અઠવાડીયા સુધી બજાર વધ્યા પછી ગયા સપ્તાહે બજાર નીચું આવ્યું છે. એટલે કેટલાંક એનાલિસ્ટો તેને ટ્રેન્ડ રિવર્સલ તરીકે જોઈ રહ્યા છે. સોમવારે જો બજારમાં સુધારો ન થાય તો શક્યતા છે કે નિફટી ૫૦૫૦ સુધી નીચે જાય અને એ સપાટીએ તેને ટેકો મળે તેમ છે.

આવા સમયે રોકાણકારોએ મુંઝાવાની પણ જરુર નથી. પંરતુ સાથે સાથે નવું લેણ કરતાં વિચાર કરવો જરુરી છે. હવે પરિણામોની સિઝન શરુ થઈ છે. અને જે તે કંપનીઓનું પરિણામ જોઈ શેર તરફ ધ્યાન આપવું હિતાવહ રહેશે. હવે પરિણામોના દોરમાં કુલ મળીને સ્ટોક સ્પેસીફીક અભિગમ રાખવો જરુરી છે.

ઘણાં લાંબા સમયથી તેજીનું વાતાવરણ બજારમાં તેથી ઘણાં રોકાણકારો વધુ પડતાં આત્મવિશ્વાસમાં આવે તેવું બને અને આવા સમયે વધારે સાવચેતી પૂર્વક આગળ વધવું જરુરી છે.

## ૧૯ એપ્રિલ થી ૨૩ એપ્રિલ સુધી બજારનો રિવ્યૂ

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**નિફ્ટી (૫૨૬૧)**
**સેન્સેક્ષ (૧૭૫૯૧)**

**તા. ૧૬.૪.૧૦** અમોએ જણાવેલ કે 'ટેકનીકલી રૂખ હજુ ઉર્ધ્વમૂખી સાબૂત જ છે. જો કે બજાર ખેંચાણ અનુભવી રહેલ છે અને મંદગતિ દર્શાવી રહેલ છે પરંતુ ૫૩૦૦ની મહત્વની સપાટી પર ધ્યાન રાખવું જરરી છે.

બજારના જડ અને ખેંચાણ અનુભવતા સ્વભાવે આખરે તેનો રંગ બતાવ્યો અને સપ્તાહના અંતે બજાર નિમ્ન સપાટીએ બંધ આવ્યું અને ૫૩૦૦ ની સપાટી નીચે બંધ આપ્યો.

ટેકનીકલી બજાર પ્રત્યાઘાત આપી રહેલ છે અને આવનાર દિવસોમાં ૫૧૫૦ નીચે આવી શકે તેમ છે.

નિફટી માટેનો ટેકો ૫૧૫૦-૫૧૦૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૪૦૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૧૭૨-૧૭૦૦૦ છે અને મજબુત પ્રતિકારક સપાટી ૧૮૦૦૦ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ હું આવા સમયે નફો બુક કરવાની ભલામણ કરૂં છું.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in



## ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

ગયા સપ્તાહે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. અને આ ઘટાડો આવતા સપ્તાહે પણ આગળ વધે તેવી શક્યતા છે. તેથી ઈન્વેસ્ટરોએ સાવચેત રહીને રોકાણ કરવા સલાહ છે.

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ટ્રેડીંગ માટે ધ્યાન આપી શકાય.**

**ગ્રાસીમ :-** પરફોર્મન્સ સાઈકલની ટોપ પર ચાલે છે. ૨૮૦૦ની નીચે બંધ આવતા ૨૬૯૦ સુધી ઘટશે.

**એસીસી :-** ૯૨૦ની નીચે બંધ આવતા ઘટાડે ૮૮૦-૮૬૦ સુધી આવી શકે.

**રેનબક્ષી :-** જ્યાં સુધી ૪૬૦ ઉપર ટકી રહ્યો છે ત્યાં સુધી વાંધો નહીં બાકી ૪૬૦ની નીચે બંધ આવતા ૪૦૦નો ભાવ જોવા મળે.

**રિલાયન્સ ઈન્ડ. :-** ૧૦૭૦ની નીચે બંધ આવતા ૧૦૨૦નો ભાવ જોવા મળે.

**એનટીપીસી :-** ૨૧૫ પર બંધ આવતા રાઉન્ડિંગ બોટમ બને અને ભાવ ૨૩૫ પર આવે.

**હિંદ યુનિલીવર :-** ઈન્વર્ટર હેડ એન્ડ સોલ્ડર પ્રમાણે ૨૧૮નો સ્ટોપલોસ ૨૪૦ અને ૨૪૭નો ટાર્ગેટ

## ૫૨૦૧ તૂટતાં નિફ્ટીમાં સેલીંગ પ્રેશર જોવા મળશે

શરદ કોટક

# બજારમાં રીંછો પોતાની પકડ મજબૂત બનાવી રહેલ છે

**તા. ૧૭/૦૪/૨૦૧૦**

### ટ્રેડીંગ રેન્જ તૂટી ગઈ

ગત સપ્તાહે બજારે મજબૂત તેજીમય સંકેત આપતાં આશાવાદી વળાંક શરૂ થયેલ, પરંતુ તે પછી અપેક્ષિત લેવાલીના અભાવે બજાર બીજી ઉર્ધ્વગતિ દર્શાવવામાં નિષ્ફળ નિવડયું. સેબી અને ઈરડા એવી બે રેગ્યુલેટરી ઓથોરીટી વચ્ચે 'યુલીપ' માટે ઉદ્ભવેલ મતમતાંતરે આ મંદીમાં વૃધ્ધિ ન કરી કારણ કે આખરે નાણામંત્રીશ્રીએ આ બાબતના હાલ પુરતો ઉકેલ આપ્યો અને તે કારણે નાનો રોકાણકાર રાહતનો દમ લઈ શકયો. આ ઉકેલના પરિણામે બેંકીંગ અને બ્રોકરેજ શેર તૂટતા જણાયા અને બજારે પાછળના થોડા દિવસોની ટ્રેડીંગ રેન્જ નીચે તરફ તોડી નાખી.નિફટી કે જે ૫૨૯૦ નો મજબૂત ટેકો ધરાવે છે, તે નીચે બંધ આવી અને પરિણામસ્વરૂપ ખૂબ જ ટૂંકા ગાળાની રૂખ નકારાત્મક બની. ઋષભો નિષ્ક્રિય લાગી રહેલ છે, જયારે રિંછો તેમની બજાર પરની પકડ મજબૂત બનાવી રહેલ છે.

### ઈન્ફોસીસે પરિણામોની ઋતુના શ્રીગણેશ કર્યા

ઈન્ફોસીસે અપેક્ષા મુજબનાં પરિણામો દર્શાવ્યાં, પરંતુ બજારને નવી ટર્મનાં ઈપીએસ ગાઈડન્સ પસંદ ન આવ્યાં અને તેથી આ શેરે નિમ્ન ગતિ દર્શાવી. જો કે ડોલરના સંદર્ભમાં તો રેવન્યુ ગાઈડન્સનો બજારે સ્વીકાર કર્યો અને એફ આઈ આઈ એ પણ તેની ખરીદી ચાલુ જ રાખી. શોર્ટ કવરીંગને કારણે નીચેની સપાટીએ ઉદ્ભવેલ ખરીદીને કારણે આઈટી શેર બાઉન્સબેક થયા, જેની આગેવાની ઈન્ફોસીસે લદ્ધીધી. બજાર હવ તેનો અગામી માર્ગ નક્કી કરવા માટે આવનાર ક્રેડીટ પોલીસીની જાહેરાતની રાહ જોઈ રહેલ છે. ક્રેડીટ પોલીસીમાં બજાર, માત્ર વ્યાજ દર જ નહીં પરંતુ સી આર આ માં પણ વધારો થવાની અપેક્ષા રાખી રહેલ છે. બજારે સી આર આર માં ૨૫ બેઝીક પોઈન્ટની વૃધ્ધિ તો ડીસ્કાઉન્ટ કરી જ નાખેલ છે. પરંતુ જો આર બી આઈ તરફથી ઉપરની બાજુએ કોઈ સર્પરાઈઝ આપવામાં આવે તો તે બજારની ગતિ માટે એક નિમિત્ત બની શકે.


**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com


### ટેકનીકલ વાત

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૮૭૪ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૭૯૯૫ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૫૨૯ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૫૯૧ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૨૪૨ પોઈન્ટની વૃધ્ધિ સાથે મજબૂત સાપ્તાહિક બંધ આપ્યો.

આ જ રીતે નિફટીએ પણ શરૂઆત ૫૩૫૪ પોઈન્ટથી કરી, ૫૩૮૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૨૩૭ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૩૬૨ ઉપર બંધ આપ્યો. નિફટીએ પણ સાપ્તાહિક ધોરણે ૯૯ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

સેન્સેક્ષ અને નિફટીના સાપ્તાહીક ચાર્ટ પર સતત નવ સપ્તાહથી રચાતી સફેદ કેન્ડલની જગ્યાએ એક મોટી કાળી કેન્ડલની રચના થઈ પરિણામસ્વરૂપ સેન્સેક્ષ અને નિફટી બંનેએ ટૂંકા ગાળાની નિમ્ન ગતિ દર્શાવી. રોજીંદા ચાર્ટ પર, બંને ઈન્ડેક્ષોએ શુક્રવારે નીચે તરફના સામાન્ય શેરો સાથે સ્ટાર ફોર્મેશન દર્શાવેલ છે.

આર ઓ સી, એમ એ સી ડી જેવા ગતિસૂચક સુચકાંકોએ વેચવાલીના સંકેત આપેલ છે. આમ છતાં એમ એ સી ડીએ હજુ શૂન્ય લાઈનથી ઉત્તર તરફની સ્થિતિ ચાલુ જ રાખેલ છે. ઓ બી વીએ પણ વેચવાલીના સંકેત આપેલ છે અને આર એસ આઈ અને એમ એફ આઈએ પણ નિમ્નગતિ ચાલુ જ રાખેલ છે. જો કે આર એસ આઈ એ ૫૦ ઉપર રહેવાનું ચાલુ જ રાખેલ છે. એ ડી એક્ષ ૩૯માં ઘટીને ૩૪ થયેલ છે, જે દર્શાવે છે કે હાલની રૂખે તેની મજબુતાઈ કેટલાક અંશે ગુમાવી દીધેલ છે. જો કે દીશા સૂચક સંકેતકો હજુ ખરીદી માટેની પર છે પરંતુ એક બીજાની ખૂબ નજીક સરકી ગયા છે જે બહુ તેજીમય બાબત નથી.

સેન્સેક્ષ અને નિફટી, બંને ઈન્ડેક્ષો માટેની ટૂંકાગાળાની રૂખ નિમ્ન દીશા તરફી થયેલ છે, પરિણામ સ્વરૂપ સેન્સેક્ષ હાલમાં તેની તત્કાલીન વૃધ્ધિ ૧૫૬૫૧ થી ૧૮૦૪૭ની સપાટીને સુધારી રહેલ છે અને તેના કરેકશનની સપાટી ૧૭૧૩૨-૧૬૮૪૯-૧૬૫૬૬ છે. આ જ રીતે નિફટી પણ તેની ૪૬૭૫ થી ૫૩૯૯ ની સપાટી સુધારી રહેલ છે અને તેની કરેકશન સપાટી ૫૧૨૨-૫૦૩૭-૪૯૫૨ રહેલ છે.

સેન્સેક્ષ અને નિફટીએ તેની ઉચ્ચતમ તળિયાની સપાટી અનુક્રમે ૧૭૩૩૭ અને ૫૧૮૭ બનાવેલ છે જે અગાઉ અનુક્રમે ૧૭૦૬૧ અને ૫૧૦૧ હતી. નજીકના ભૂતકાળમાં, સેન્સેક્ષ ૧૭૪૮૮ અને નિફટી ૫૨૩૫ થી બાઉન્સ બેક થયેલ. આ કારણે સેન્સેક્ષ અને નિફટીની તત્કાલીન ટેકાનો ગાળો અનુક્રમે ૧૭૪૮૮-૧૭૩૩૭ અને ૫૨૩૫-૫૧૮૭ બનેલ છે. ટૂંકા ગાળાની દ્રષ્ટિએ જોઈએ તો, એ જરુરી છે કે સેન્સેક્ષએ તેની ટેકાની રેન્જ ૧૭૦૬૧-૧૭૦૨૭ અને નિફટીએ તેની ટેકાની રેન્જ ૫૧૦૧-૫૦૯૨ જાળવી રાખેલ છે.

સેન્સેક્ષનો ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૦૧૮ છે અને ટ્રેન્ડલાઈન ટેકો ૧૭૧૮૩ છે. જયારે નિફટીનો મજબૂત ટ્રેન્ડલાઈન સપોર્ટ ૫૧૭૮-૫૧૦૩ અને ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૪૧૧ છે.

નિફટી ઓ આઈ પી સી આરએ ૧.૩૬ થયેલ છે અને કોઈ ભયના સંકેત દર્શાવેલ નથી. ૫૩૦૦ થી ૫૪૦૦ ના ભાવે મજબુત કોલ રાઈટીંગ જોવા મળેલ છે. ૫૨૦૦ના સ્ટ્રાઈક ભાવે મજબુત પુટ રાઈટીંગ જોવા મળેલ છે. જે જો બીજો ઘટાડો નોંધાય તો ટેકાની સપાટી તરીકે કાર્ય કરે.

આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૭૪૮૮-૧૭૩૩૭-૧૭૧૭૧ છે જયારે પ્રતિકારક સપાટી ૧૭૭૩૫-૧૭૯૧૫-૧૮૦૮૧ છે.

આગામી સપ્તાહ માટે નિફટીનો સપોર્ટ ૫૨૩૫-૫૧૭૮-૫૧૨૨ છે જયારે પ્રતિકારક સપાટી ૫૩૧૦-૫૩૬૮-૫૪૧૧ છે.

## આગામી સપ્તાહ માટે ભલામણ

**આવનાર સપ્તાહમાં ભારે ચંચળતા જોવા મળે તેવી સંભાવના છે, તેથી અમે ટ્રેડર્સને હેજીંગ કરવાની સલાહ આપીએ છીએ. આ માટે આ સપ્તાહ માટે પેર સ્ટ્રેટેજી અપનાવવી જોઈએ.**

| PAIR NO. | STOCK | CMP | SL | TGT - 1 | TGT -2 |
|---|---|---|---|---|---|
| 1.Buy | GEShip | 324 | 317 | 334 | 345 |
| Sell | RelCap | 751 | 764 | 738 | 725 |
| 2.Buy | Lupin | 1659 | 1634 | 1681 | 1710 |
| Sell | McDowell | 1232 | 1256 | 1202 | 1176 |
| 3Buy | Purvankara | 113 | 109 | 123 | 134 |
| Sell | Hindalco | 174 | 178 | 168 | 162 |

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5122 | 5178 | 5235 | 5262 | 5310 | 5368 | 5411 |
| Sensex | 17171 | 17337 | 17488 | 17591 | 17735 | 17915 | 18081 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | RECO. PRICE | TGT | REACHED |
|---|---|---|---|
| BUY JET AIR | 512 | 535 | 560 |
| BUY HAVELLS | 648 | 674 | 674 |
| BUY NAGCONS | 180 | 188 | 184 |
| BUY BHUSHANST | 1823 | 1858 | 1855 |
| BUY KOTAKBANK | 785 | 804 | 798 |

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

Buy Purva 113 SL 109 Tgt 123-134



Sell Mec Dowells 1232 SL 1256 Tgt 1202 - 1176



# આ સપ્તાહે હાઉસીંગ ફાઈનાન્સ સેકટર ખૂબ સારો દેખાવ કરશે

**તા. ૧૯મી એપ્રિલ થી ૨૬મી એપ્રિલ ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા મિથુન અને કર્ક રાશીમાં, સૂર્ય, નીચનો બુધ અને શુક્ર મેષ રાશીમાં, નીચનો મંગળ કર્ક રાશીમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુનમાં, નીચનો શનિ કન્યામાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, ગુરુ અને નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. યુરેનસ મીન રાશીમાં જયારે ૨૦ મી એપ્રિલે શુક્ર વૃષભ રાશીમાં પ્રવેશ કરશે.

**ગ્રહોકીય ચેતવણી બુધનો** ગ્રહ કે જે આપણા મજબ ઉપર કાબૂ ધરાવે છે તે તા. ૩૦ માર્ચ, ૨૦૧૦ થી ૬ જૂન, ૨૦૧૦ દરમિયાન મેષ રાશીમાં રહેશે. આ સમય દરમ્યાન તા. ૧૮મી એપ્રિલથી તા. ૧૨મી મે તે નીચનો રહેશે. તેથી સાવચેતી રાખવી. કારણ કે આ સમયે ખોટો નિર્ણય લેવાઈ જાય કે જેને કારણે નાણાકીય નુકશાન થઈ શકે. જો કે આ બાબત વ્યક્તિગત કુંડળીઓમાં ગ્રહોના સ્થાન પર આધારિત હોય છે. જે વ્યક્તી મિથુન, કન્યા અને તુલા રાશીના હોય તેઓએ ખાસ સાવચેતી રાખવી જરૂરી.

**આવનાર સપ્તાહે નીચે જણાવેલ ક્ષેત્રો જયોતિષિય સહયોગ મેળવી રેહલ છે.**

**પાવર ઈકવીપમેન્ટ : આલસ્ટોમ પાવર, કયુમીન્સ, એબીબી, સિમેન્સ વગેરે**

**નાણાકીય (હાઉસીંગ) : એચ ડી એફ સી, દિવાન હાઉસીંગ, એલ આઈ સી હાઉસીંગ, ગૃહ ફાઈનાન્સ વગેરે**

**એવીએશન : જેટ, સ્પાઈસ જેટ, કીંગ ફીશર વગેરે**

**મેક ડોવેલ અને ટાઈટન નીચી સપાટીએ તબક્કાવાર ખરીદો**

**ગત સપ્તાહની આગાહી :** બજાર માટે ગત સપ્તાહ નબળું નિવડયું અને નિફટીએ ૨% નીચે એટલે કે નકારાત્મક બંધ આપ્યો. અમોએ આગાહી કર્યા મુજબ હોટલ અને પર્સનલ કેર સેકટરમાં સારી માંગ રહી. હોટલમાં - ઈન્ડિયા હોટેલ, રોયલ ઓર્ચિડ, તાજ જીવીકે અને કામત ૧.૨ થી ૩૨ ટકા ઉપર ગયા. પર્સનલ કેર, ડાબર, કોલગેટ, હીન્દ યુનિલીવર અને ગોદરેજ કન્ઝયુમર્સ ૨ થી ૧૦ ટકા ઉપર ગયા.


**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**

**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬ ૦૯૮૧૦૦૧૮૪૩૮**

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com


**જે સેકટર એસ્ટ્રો સપોર્ટ મેળવેછે તે સામાન્યરીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**નોંધ :** અમોએ જે તે સેકટર માટે આગાહી કરેલ છે છતાં એ જરૂરી નથી કે આ સેકટરના બધા જ શેર એક જ દિવસમાં સારો દેખાવ દર્શાવે.

ડે ટ્રેડીગમાં નાણાં મેળવવાં ખૂબ જ કઠીન છે, તેથી અમો પોજીશનલ ટ્રેડ માટે સલાહ આપીશું. પરંતુ જો કોઈ એક જ દિવસે નફો મેળવી શકે તો નફો બુક કરી લેવો જઈએ.

## ખાસ સાવચેતી

નવી સંવત ૨૦૬૭ (હિન્દુના નવા વર્ષ મુજબ) ૧૬મી માર્ચ ૨૦૧૦થી શરુ થયેલ છે. જયારે આ નવી સંવત શરુ થઈ છે ત્યારે અવકાશી ગ્રહોની સ્થિતી, સંયોજન અને દ્રષ્ટિએ જોઈએ તો, કેટલાંક નવાં સેકટર ખૂબ સારો દેખાવ કરશે અને ઘણાં સેકટર કે જે છેલ્લી સંવત દરમ્યાન ખાસ ગતિમાં હતાં તે નબળો દેખાવ કરશે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકારો / વ્યાપારીઓ (જેઓ સાચી હકીકત જાણતા નથી) આવા સેકટરમાં રોકાણ કરવાનું અથવા તો ટ્રેડીંગ કરવાનું ચાલુ જ રાખે છે. (કે જે ક્ષેત્રનો જયોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે) તે નુકશાનમાં પરિણમે છે.

દા ત ખાંડના શેરો કે જેની આગાહી અમારા દ્વારા ૧૨ માસ પહેલાં કરવામાં આવી હતી, તેમાં આ સંવત શરુ થયા પછી નિમ્નગતિ જોવા મળી, જયારે નિફટીએ પર સપ્તાહની નવી ઉંચાઈ દર્શાવી. આ જ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેકટરમાં ગત સંવત દરમ્યાન ભવિષ્ય માટે સરકાર દ્વારા સારામાં સારું આયોજન કરવામાં આવ્યું, સારા ઓર્ડરો મળ્યા, સારામાં સારું રિઝલ્ટ આવ્યું, આમ છતાં આ સેકટર સારો દેખાવ કરી શકેલ નહી.

તેથી આ ખાસ ચેતવણી આપતાં અમારી સલાહ કે દરેક વર્ષે જયારે નવી સંવત શરુ થાય ત્યારે કોઈ પણ રોકાણ કરતાં પહેલાં અથવા તો વ્યાપાર માટેનો નિર્ણય કરતાં પહેલાં તમારા નાણાકીય જયોતિષિનો સંપર્ક સાધો.

આ નવા સંવતમાં બીજાં સેકટરો સાથે પેપર સેકટર પણ ખૂબ સારો દેખાવ કરશે.

# રોકાણ માટે નીચામાં સારી તક

ધી ભારતીય શેર બજાર માટે વર્ષ ૨૦૧૦ નું એપ્રિલ માસનું ચોથું સપ્તાહ જેની શરુઆત ૧૯ એપ્રિલ થી થશે અને ૨૩ એપ્રિલ સુધી ચાલશે. જેમાં અવકાશીય ગ્રહ સ્થિતિ અનુસાર ભારતીય શેર બજારની શરુઆત નબળાઈથી થઈ શકે છે. આ સપ્તાહ દરમ્યાન અવકાશીય ગ્રહ સ્થિતિનું અધ્યયન કરીએ તો સૂર્ય ગ્રહ મેષ રાશીમાં શુક્ર અને બુધ સાથે યુતિ બનાવશે. મંગળ ગ્રહ ચંદ્રના ઘર કર્કમાં બિરાજમાન છે. જયારે ગુરુ ગ્રહ કુંભ રાશીમાં, શનિ ગ્રહ કન્યા રાશીમાં તથા રાહુ અને કેતુ ક્રમશઃ ધન અને મિથુન રાશીમાં બિરાજમાન છે. આ બધા ગ્રહ સંયોગ આ સપ્તાહે મિશ્ર રુખની સંભાવના દર્શાવે છે.

જો આપણે ભારતની જન્મ પત્રિકાનું અવલોકન કરીએ તો આ સમયે સૂ-ચં-બુ-ચં ની દશા, અંતર્દશા, પ્રત્યુત્તર દશા અને સુક્ષ્મ દશાથી શરુ થશે જે ૨૨ એપ્રિલ સુધી સૂ-ચં-બુ- રા નો પ્રભાવ ભારત દેશની કૂંડળીમાં રહેશે. આ સમય ભારતીય બજારો માટે અને વ્યાપરી વર્ગ માટે વિશેષ સાવધાની રાખવાનો છે. બજારોમાં અનિશ્ચિતતાનું વાતાવરણ બની શકે છે. પરંતુ જે રોકાણકારો મધ્યમ અને લાંબાગાળાના રોકાણ કરવા માટે વિચારે છે તેમના માટે આ મંદી લાભદાયી બની શકે છે. ટૂંકાગાળાના વ્યાપારીઓ આ અનિશ્ચિતતાભરી મંદીનો લાભ જરુરથી મેળવી શકે છે.


**દિવ્ય દ્રષ્ટિ**



**કરૂણા જૈન**

**મો. 09929118700**

www.futurbazaronline.com


આ સપ્તાહે મિથુન રાશીવાળા માટે વિશેષ કરીને જેનો જન્મ ૧૯૭૭ની માર્ચ - એપ્રિલ મહિનામાં થયેલો છે તેમણે વિશેષ સાવધાની રાખવી. સાથે સાથે આ વખતે જો તેમન ગળામાં ઈન્ફેક્શન, ગળામાં ખરાબી હોય તો તેમણે આ વખતે મોટા જોખમથી બચવું હિતાવહ રહેશે.

જયોતિષ ગણના અનુસાર આવનરા લગભગ ૪૦-૪૫ દિવસોમાં બેંકિંગ, ટેલિકોમ્યુનિકેશન, ફાર્મા, એજયુકેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ક્ષેત્રના શેરોમાં સુંદર વળતર મળવાની સંભાવન છે. એટલે રોકાણકારોએ આવનરા બે સપ્તાહમં ૩-૫ ભાગોમાં પાવર, બેંકિંગ, કેપિટલ ગુડઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાર્મા અને હેલ્થ કેર વગેરેના શેરો જેવા કે પાવર ગ્રીડ કોર્પોરેશન, ભેલ, સ્ટરલાઈટ ઈન્ડ., એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, બેંક ઓફ રાજસ્થાન, આઈડીએફસી, આઈડીબીઆઈ બેંક, આઈએફસીઆઈ, એમટીએનએલ વગેરે શેરોમાં બે સપ્તાહમાં બે ટુકડામં રોકાણ કરવું વધુ લાભદાયી રહેશે. પરંતુ આ ટૂંકાગાળાના શેર બજારમાં ટ્રેડરો સટ્ટાથી દૂર રહે કારણ કે ભારતીય શેર બજારમાં રોકાણ કરી લાભ મેળવી શકાય છે જયારે બજારમાં ઉતાર ચઢાવ દરમ્યાન સટ્ટાબાજી ક્યારેક ઘાતર પૂરવાર થઈ શકે છે. ગ્રહ સ્થિતિ જ વિપરીત પરિસ્થિતિઓમાં લાભ અપાવી શકે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી આકાશીય ગ્રહ સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# બજાર તૂટવાની શરુઆત થઈ છે, તમારી મૂડીને જાળવી રાખો

**નિફટી સાપ્તાહિક બંધ : ૫૩૬૨ (ગત સપ્તાહે ૫૩૬૨)**

બજાર સોમવારે નબળાઈ ભર્યું સાપ્તાહિક ટ્રેડીંગ પોઈન્ટ ૫૩૫૦ નીચે ખુલ્યું અને પછી નિમ્ન ગતિ દર્શાવીને આપણા દૈનિક, સાપ્તાહિક સ્ટોપલોસ નીચે બંધ આવ્યું અને ૫૩૫૦,૫૩૨૦,૫૩૧૦ નીચે બંધ આપ્યો. બજાર સાપ્તાહિક ૧૦૦ પોઈન્ટ નીચે બંધ આવ્યું. સીંગાપુર નિફટીએ શુક્રવારે ૮૦ પોઈન્ટ નીચે બંધ આપ્યો. અપેક્ષા મુજબ બજાર અમોએ અગાઉના અમારા લેખમાં જણાવ્યા મુજબ ફીબોનેસ્સી પ્રતિકારક સપાટી ૫૩૦૦ અને ગાન ફેન પ્રતિકારક સપાટી ૫૪૦૦ ઉપર બંધ રહેવામાં નિષ્ફળ નિવડયું

જે વાચકો ઉત્તેજીત થઈને આપણા સ્ટોપ લોસ ઉપર શોર્ટ પોઝીશન ધારણ કરી હોય તો કરેકશન લેવલ પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જોઈ શકે છે. ઘણા રોકાણકારો ઉંચી સપાટીએ ખરીદી કરીને ફસાયા છે અને તેમની મૂડીનો ઘટાડો નિરાશાભરી રીતે જોઈ રહેલ છે. આ ઉંદર - બિલાડીની રમતમાં ઘણી બીલાડીઓ જેવી કે વિદેશી અને સ્થાનિક સંસથાઓ, પ્રમોટર્સ (જેમાં સરકારનો પણ સમાવેશ થાય છે.), બ્રોકીંગ હાઉસ અને મીડીયા વગેરે બુરી હાલતમાં આવેલા રોકાણકારો ઉંદરો સાથે રમત રમી રહેલ છે. સેબીએ રોકાણકારોને રક્ષણ આપવા માટે ખૂબ જ એક્ટીવ રોલ ભજવવો જોઈએ. હવે નિફટીનો ટેકો છે ૫૧૦૦, ૪૯૦૦ અને ૪૨૦૦.


**નિફટી સૂત્ર**



**દિનેશ એ. ઠાકુર**

**મો. ૯૮૨૨૦૫૦૯૪૯**

dinuthakur@gmail.com

blog site – http://profiles.yahoo.com/dinu_pawar


**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે)૪૯૮૦ થી ૫૫૮૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૨૮૦ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફટી માટે ૨૦ અને ૫૦ દિવસના ઈ એમ એ ટેકા ૫૨૭૦ અને ૫૧૭૦ છે. ટ્રેડર્સ કે જેઓ અગાઉ આ ટ્રીગર સપાટીએ નિકળી ગયા હતા તેઓ પાછળથી ફરી ઉર્ધ્વગતિ શરૂ થાય ત્યારે અથવા તો નીચેની સપાટીએ દાખલ થઈ શકે . ટ્રીગર એ રક્ષણાત્મક છે, વધારેમાં વધારે નફો કરો અને પોઝીશન જાળવી રાખો.

નિફટી જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦

**અનુસંધાન ૪ પાને**

# બજારના મોટા ઘટાડાને પણ અવગણી ટૂંકાગાળામાં આકર્ષક વળતર આપે તેવા મલ્ટીબેગર સ્ટોકમાં રોકાણ કરવાનો શ્રેષ્ઠ સમયગાળો

મિત્રો, જય સાંઈરામ,

વૈશ્વિક બજારોની ડામાડોળ ચાલ, દેશન ઔધોગિક ઉત્પાદનના અંદાજથી નીચા આંકડા અને સરકાર સ્ટીમ્યુલસ પેકેજ ધીમે ધીમે પાછું ખેંચશે તેવી દહેશત પાછળ ગત સપ્તાહે બજારમાં સંપૂર્ણ સકારાત્મક ચાલ જોવ મળી હતી. સપ્તાહ દરમ્યન બેંક અને ઓટો શેર્સમાં ધુમ વેચવાલી જોવા મળી હતી. રિઝર્વ બેંકે નાણાંનીતિ સમીક્ષક બેઠકમાં દરો વધારશે તેવી પ્રબળ ધારણાથી રોકણકારો એ બેંક શેર્સમાં વેચવાલીનો રસ્તો અપનાવ્યો હતો. સપ્તાહના અંતે અમેરિકાની નાણાંકીય નિયામક રોકાણ બેંક ગોલ્ડમેન સાકસ ઉપર આરોપ લગાવ્યો છે કે તેમને રોકાણકારો સાથે છેતરપિંડી કરી છે. આ ખબરથી સપ્તાહના અંતે અમેરિકી બજારમાં વર્ષનો બીજો સૌથી મોટો કડાકો નોંધાયો હતો. ગત સપ્તાહે બજારમાં આટલો ઘટાડો નોંધાયો હોવા છતાં અમારી ભલામણોએ સારું રિટર્ન ખૂબ જ ટૂંકાગાળામાં આપેલ છે. જયારે નિફ્ટીએ અમારા ચાર લક્ષાંકો ૫૩૩૯, ૫૩૦૩, ૫૨૭૫ અને ૫૨૪૯ આસાનીથી સાધ્ય કરેલ. ગત સપ્તાહે સેન્સેક્સ ૧૭૫૯૧.૧૮ અને નિફ્ટી ૫૨૬૨.૬૦ ઉપર બંધ આપેલ છે.

દેશના ઔધોગિક વિકાસદરમાં ગત સપ્તાહે ઘટાડો નોંધાયો હતો. ગત માસ માટે ઔધોગિક વિકાસ દર ૧૬ ટકા નોંધાયો હતો. જે અગાઉના માસ માટે ૧૭.૬ ટકા નોંધાયો હતો. ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૭માંથી ૧૪ ક્ષેત્રો એ સકારાત્મક વૃદ્ધિદર નોંધાવ્યો હતો. નાદારી નોંધાવી ચુકેલા ગ્રીસને આર્થિક સંકટમાંથી ઉગારવા માટે યુરો ઝોન ૬૧ અબજ ડોલર (રૂા. ૨.૭૦ લાખ કરોડ)ની સહાય આપી હતી. યુરો ઝોન આગામી ત્રણ વર્ષ માટે ગ્રીસના ૫ ટકાના વ્યાજ ૩૦ અબજ યુરોના લોન આપવાના જાહેરાત કરી હતી. તદ્ઉપરાંત ઈન્ટરનેશનલ મોનીટરી ફંડે પણ ગ્રીસને ૧૫ અબજ યુરો (રૂા. ૯૦૫ અબજ) ની આર્થિક સહાય કરશે.

દેશની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસીસ ટેકનોલોજીએ ચોથા ત્રિમાસિક ગાળા માટે બજારની ધારણા મુજબ જ ૦.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂા. ૧૬૧૭ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦માટે કંપનીનો નફો ૪.૪૬ ટકા વધીને ૬૨૬૬ કરોડ નોંધાયો હતો. સકારાત્મક પરિણામો થકી ઈન્ફોસીસન શેરમાં સારો સુધારો જોવા મળ્યો હતો.

## રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

આગામી સપ્તાહે બજારની શરુઆત નકારાત્મક થશે જયારે સપ્તાહના મધ્યમાં થોડીક રિકવરી જોવા મળી શકે છે. આગામી સપ્તાહે બજારમાં ફરીથી વેલ્યુબાય સ્ટોકમાં તોતિંગ ઉછાળો જોવા મળી શકે છે. જેમાં હોટલ્સ અને એફએમસીજી શેરમાં તેજીનો માહોલ રહેશે.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૭૨૯૬ અને અવરોધ ૧૭૯૬૩ જયારે નિફ્ટીનો ટેકો ૫૧૫૦ અને અવરોધ ૫૩૮૬ છે.**

આગામી સમયગાળામાં અમો રોકાણ માટે જેકપોટ કોલ આપીશું તે ખાસ નોંધી લઈ ધી ઈકોનોમિક રેવલ્યૂશનની કોપી અત્યારથી જ બુક કરાવી લેશો.

**સેન્સેક્સ (૧૭૫૯૧.૧૮) :** ૧૭૬૮૦ ઉપર ૧૭૮૧૧, ૧૭૯૬૩, ૧૮૦૭૧ અને ૧૮૨૭૭ જયારે ૧૭૫૦૮ નીચે ૧૭૪૧૨, ૧૭૨૯૬, ૧૭૧૫૫ અને ૧૭૦૪૭ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૫૨૬૨.૬૦) :** ૫૨૮૮ ઉપર ૫૩૨૪, ૫૩૬૦, ૫૩૮૬ અને ૫૪૧૮ જયારે ૫૨૪૪ નીચે ૫૨૧૦, ૫૧૮૨, ૫૧૫૦ અને ૫૧૦૪ જોવા મળી શકે છે.

### ફ્યુચરના ખેલાડીઓ માટે

**સેસાગોવા (૪૬૩.૦૦) :** ઘટાડે ૪૫૬ આસપાસ ૪૪૦ ના મજબૂત ટેકાથી લેણ કરવું. મધ્યમગાળામાં સ્ટોક ૪૯૧ થી ૫૩૮ નો ભાવ બતાવે તેવી શક્યતા છે. જો ૪૯૯ ઉપર બંધ આપે તો ૫૩૮ જરુર બતાવે. સપ્તાહના અંતે સ્ટોકે ટેકનીકલી સુંદર બ્રેક આઉટ પોઝીશન બનાવેલ છે. સ્ટોકના ટૂંકાગળાના બધા જ ચાર્ટ તેજીની રુખ દર્શાવે છે. સપ્તાહની શરુઆતે સ્ટોક ઉપર ખાસ નજર રાખવી. જો ૪૯૧ ઉપર નીકળી જાય તો અણધારેલી તેજી જોવા મળી શકે છે. રોકાણકારોએ કેશ અને ફ્યુચર બંનેમાં રોકાણ કરી શકે છે. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબક્કાવાર નફો ઘર ભેગો કરવો.

### ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે

**મોદીશન મેટલ્સ (બીએસઈ કોડ ૫૦૬૨૬૧) (૨૭.૫૦) :** ઘટાડે ૨૬ આસપાસ ખરીદો. લક્ષાંક ૩૩ અને ૩૯ જો ૩૩.૪૫ ઉપર બંધ આપે તો લક્ષાંક ૩૯ સ્ટોપલોસ ૨૬. કંપનીનો મુખ્ય વ્યવસાય ઈલેક્ટ્રીકલ ઈક્વિપમેન્ટ બનાવવાનો છે. કંપની નિયમતિ પણે દર વર્ષ ૨૫ ટકા ઉપર ડિવિડન્ડ ચૂકવે છે જ્યારે કંપનીના ત્રિમાસિક અને વાર્ષિક પરિણામો ખૂબ જ સુંદર આવેલ છે. ટેકનીકલી સ્ટોકે ગત સપ્તાહે બ્રેક આઉટ આપેલ છે. ટૂંકાથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક તબક્કે નફો ઘર ભેગો કરવો.

**કન્ટ્રી કલબ (બીએસઈ કોડ ૫૨૬૫૫૦) (૧૯.૨૦) :** ઘટાડે ૧૯ આસપાસ ખરીદો. લક્ષાંક ૨૮ અને ૩૫ જો ૨૮.૪૮ ઉપર બંધ આપે તો લક્ષાંક ૩૫ સ્ટોપલોસ ૧૬.૬૫. હૈદ્રાબાદ સ્થિત કંપનીનો મુખ્ય વ્યવસાય રિસોર્ટસ અને હોટલ્સનો છે. કંપનીની સ્થાપના ૧૯૯૩ માં શ્રી રાજીવ રેડ્ડી દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે આ કંપનીએ રોયલ રિસોર્ટ સાથે સંધી કરી હતી. કંપનીનો મુખ્ય ધ્યેય દેશના મોટા શહેરોમાં પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવાનો છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો સંતોષકારક માની શકાય જ્યારે નેટ પ્રોફીટમાં પણ સારો વધારો જોવા મળેલ છે. કંપનીના શેરનો ભાવ બાવન વીક હાઈ ૩૨.૪૦ જ્યારે બાવન વીક લો ૮ રૂા. છે. ટૂંકાથી લાંબાગાળાનું રોકાણ કરી શકાય. ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખી શકાય. લાંબાગાળાનો તાજ જીવીકે હોટલ્સ છે. દરેક ઘટાડે રોકાણ કરી શકાય તેવો સ્ટોક. બજારની પરવા કર્યા વિના સ્ટોકમાં રોકાણ કરવું. ટૂંકાગાળામાં સારી તેજી જોવા મળી શકે છે. જે રોકાણકારોએ માત્ર એક સપ્તાહ અગાઉ અમારા કહ્યા મુજબ ૧૬ આસપાસ રોકાણ કરેલ છે તેમણે રોકાણ બધા જ લક્ષાંકો માટે જાળવી રાખવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય |
|---|---|---|
| ડાબર (૧૭૫ થી ૧૭૯) | ૨ ટકા ઉપર | માત્ર ૧ દિવસમાં |

**નોંધ :** જે રોકાણકારોએ ફ્યુચરમાં ખરીદી કરેલ છે તેમણે એકસપાયરી સુધી રોકાણ લક્ષાંક માટે જાળવી રાખવું. શેર ૧૮૯ ક્રોસ કરતા નવી તેજીના ઝોનમાં પ્રવેશશે.

| | | |
|---|---|---|
| શિવાલીક બાયમેટલ કંટ્રોલ (૩૦ થી ૩૫) | ૧૬ ટકા ઉપર | માત્ર ૧ જ દિવસમાં |

**નોંધ :** ગત સપ્તાહે બજારમાં ઘટાડો આવ્યો હોવા છતાં સ્ટોકે સુંદર વળતર આપેલ છે. પ્રથમ લક્ષાંકે થોડોક નફો બુક કરવો. જયારે ઘટાડે રોકાણ કરી શકાય.

| | | |
|---|---|---|
| કન્ટ્રીકલબ (૧૯ થી ૨૦.૮૦) | ૯ ટકા ઉપર | માત્ર ૨ દિવસમાં |

**નોંધ :** બજારની પરવા કર્યા વિના સ્ટોક જાળવી રાખો. શેર અત્યારે કન્સોલીડેશનના તબક્કામાં છે. આગામી સમયગાળા દરમ્યાન શેરમાં ફૂલગુલાબી તેજી જોવ મળી શકે છે.

# બજારો રિઝર્વ બેંકની પોલીસીની રાહ જૂએ છે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૭૫૯૧.૧૮) અને નિફ્ટી (૫૨૬૨.૬૦) બંન્ને ૧.૦૯ ટકા અને ૧.૦૮ ટકા ઘટીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર એપ્રિલ ૫.૦૫ પોઈન્ટના ડીસ્કાઉન્ટ માં હતો. નિફ્ટી એપ્રિલ ૫૩૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૨૫૦ નો અને **રેજીસ્ટન્સ** ૧૮૮૮૦ છે. જ્યારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૧૫૦ નો અને **રેજીસ્ટન્સ** ૫૩૫૦ છે.

ટીસીએસ, વીપ્રો, એક્ષિસ બેંક, રેનબક્ષી ૨૦ એપ્રિલ ૨૦૧૦ ના રોજ ક્વોર્ટર ૪ના પરિણામો જાહેર કરશે. આરબીઆઈ ૨૦ એપ્રિલના રોજ ક્રેડીટ પોલીસીની જાહેરાત કરશે.

આરઆઈએલ અને આઈસીઆઈસીઆઈ બેંક ના ઓપન ઈન્ટરેસ્ટમાં એપ્રિલ સિરીઝમાં રસ જોવાયો હતો. યુનિટેક ના એપ્રિલ ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૮૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ટાટા સ્ટીલ માં કોલ ઓપ્શનમાં એપ્રિલ માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૭૦૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. વીપ્રો (૭૨૨.૧૦)** લોટ સાઈઝ ૬૦૦ શેર

- એપ્રિલ માસના સ્ટ્રાઈક ભાવ ૭૨૦ થી ૧૭.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

## બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

- એપ્રિલ માસના ૭૪૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૮.૮૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૧૭ ★ ૬૦૦= ૧૦૨૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૮.૮૦ ★ ૬૦૦ = ૫૨૮૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૦૨૦૦.૦૦ - ૫૨૮૦.૦૦ = ૪૯૨૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૭૪૦ - ૭૨૦ = ૨૦ ★ ૬૦૦ = ૧૨૦૦૦ - ૪૯૨૦.૦૦ = ૭૦૮૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૪૯૨૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ :** = ૭૨૮.૨૦

**૨. એચડીએફસી બેંક (૧૯૬૦.૭૫) :** એપ્રિલ માસ ફ્યુચર લોટ સાઈઝ ૨૦૦ શેર

- રૂ. ૧૯૬૦.૭૫ ના ભાવથી એપ્રિલ માસ ફ્યુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન :** એપ્રિલ માસ સ્ટ્રાઈક ભાવ ૨૦૦૦ થી રૂ. ૨૩.૫૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૨૩.૫૦ ★ ૨૦૦ = ૪૭૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૨૦૦૦ - ૧૯૬૦.૭૫ = = ૩૯.૨૫ ★ ૨૦૦ = ૭૮૫૦.૦૦ + ૪૭૦૦.૦૦ = ૧૨૫૫૦.૦૦

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. લ્યુપીન** (૧૬૫૯.૭૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. કોલપાલ** (૭૩૩.૯૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

## અઠવાડિક સપોર્ટ અને રેજીસ્ટન્ટ લેવલ



અનુરાગ ગુપ્તા
મો : ૦૯૨૫૫૧૯૧૬૪૩
Email : anuraghsr@yahoo.com

**૧૯ એપ્રિલ થી ૨૪ એપ્રિલ ૨૦૧૦ સુધી**

| SYMBOL | CLOSE | TREND | RES2 | RES1 | TREND LEVEL | SUPP1 | SUPP2 |
|---|---|---|---|---|---|---|---|
| NF APRIL | 5263.05 | BEARISH | 5427.42 | 5345.23 | 5295.62 | 5213.43 | 5163.82 |
| ABB FUTURE | 843.05 | BEARISH | 867.42 | 855.23 | 840.27 | 828.08 | 813.12 |
| ACC FUTURE | 930.50 | BEARISH | 982.23 | 956.37 | 939.18 | 913.32 | 896.13 |
| BANKBARODA FUTURE | 633.35 | BEARISH | 688.85 | 661.10 | 639.55 | 611.80 | 590.25 |
| BEL FUTURE | 1899.00 | BEARISH | 2035.00 | 1967.00 | 1926.00 | 1858.00 | 1817.00 |
| BHEL FUTURE | 2501.75 | BEARISH | 2615.88 | 2558.82 | 2527.93 | 2470.87 | 2439.98 |
| BPCL FUTURE | 500.45 | BEARISH | 519.15 | 509.80 | 502.65 | 493.30 | 486.15 |
| CANBK FUTURE | 400.20 | BEARISH | 430.40 | 415.30 | 407.40 | 392.30 | 384.40 |
| CENTURYTEX FUTURE | 537.40 | BULLISH | 575.23 | 556.32 | 541.18 | 522.27 | 507.13 |
| CIPLA FUTURE | 331.20 | BEARISH | 344.43 | 337.82 | 331.68 | 325.07 | 318.93 |
| DABUR FUTURE | 178.65 | BULLISH | 182.88 | 180.77 | 177.48 | 175.37 | 172.08 |
| DLF FUTURE | 330.30 | BEARISH | 353.63 | 341.97 | 333.23 | 321.57 | 312.83 |
| DIVISLAB FUTURE | 707.45 | BULLISH | 739.42 | 723.43 | 709.52 | 693.53 | 679.62 |
| DRREDDY FUTURE | 1204.70 | BEARISH | 1274.40 | 1239.55 | 1215.20 | 1180.35 | 1156.00 |
| EDUCOMP FUTURE | 733.80 | BEARISH | 769.10 | 751.45 | 739.85 | 722.20 | 710.60 |
| GAIL FUTURE | 410.15 | BEARISH | 438.38 | 424.27 | 412.63 | 398.52 | 386.88 |
| GRASIM FUTURE | 2802.50 | BEARISH | 2959.90 | 2881.20 | 2838.10 | 2759.40 | 2716.30 |
| HCLTECH FUTURE | 350.95 | BULLISH | 372.32 | 361.63 | 350.82 | 340.13 | 329.32 |
| HDFC FUTURE | 2682.55 | BEARISH | 2929.85 | 2806.20 | 2729.35 | 2605.70 | 2528.85 |
| HDFCBANK FUTURE | 1961.70 | BULLISH | 2004.07 | 1982.88 | 1957.02 | 1935.83 | 1909.97 |
| HDIL FUTURE | 297.95 | BEARISH | 316.32 | 307.13 | 300.52 | 291.33 | 284.72 |
| HEROHONDA FUTURE | 1924.05 | BEARISH | 2051.82 | 1987.93 | 1953.97 | 1890.08 | 1856.12 |
| HINDUNILVR FUTURE | 226.40 | BULLISH | 229.60 | 228.00 | 225.25 | 223.65 | 220.90 |
| IDFC FUTURE | 161.70 | BEARISH | 181.10 | 171.40 | 166.10 | 156.40 | 151.10 |
| IDBI FUTURE | 120.00 | BEARISH | 128.33 | 124.17 | 121.23 | 117.07 | 114.13 |
| IFCI FUTURE | 51.65 | BEARISH | 55.18 | 53.42 | 52.13 | 50.37 | 49.08 |
| HINDPETRO FUTURE | 303.45 | BEARISH | 315.48 | 309.47 | 305.83 | 299.82 | 296.18 |
| ICICIBANK FUTURE | 924.55 | BEARISH | 1011.18 | 967.87 | 942.18 | 898.87 | 873.18 |
| INDIACEM FUTURE | 135.10 | BEARISH | 146.77 | 140.93 | 137.77 | 131.93 | 128.77 |
| INFOSYSTCH FUTURE | 2785.30 | BULLISH | 2938.77 | 2862.03 | 2742.12 | 2665.38 | 2545.47 |
| IOC FUTURE | 282.85 | BEARISH | 295.58 | 289.22 | 285.73 | 279.37 | 275.88 |
| ITC FUTURE | 268.70 | BEARISH | 278.30 | 273.50 | 267.80 | 263.00 | 257.30 |
| IVRCLINFRA FUTURE | 172.10 | BEARISH | 185.57 | 178.83 | 174.92 | 168.18 | 164.27 |
| JSWSTEEL FUTURE | 1293.05 | BULLISH | 1358.75 | 1325.90 | 1274.05 | 1241.20 | 1189.35 |
| LT FUTURE | 1576.25 | BEARISH | 1677.92 | 1627.08 | 1596.17 | 1545.33 | 1514.42 |
| M&M FUTURE | 503.90 | BEARISH | 544.93 | 524.42 | 512.38 | 491.87 | 479.83 |
| MARUTI FUTURE | 1348.95 | BEARISH | 1413.45 | 1381.20 | 1362.60 | 1330.35 | 1311.75 |
| MTNL FUTURE | 73.30 | BEARISH | 77.70 | 75.50 | 74.30 | 72.10 | 70.90 |
| ONGC FUTURE | 1032.75 | BEARISH | 1088.75 | 1060.75 | 1045.50 | 1017.50 | 1002.25 |
| ORIENTBANK FUTURE | 327.90 | BEARISH | 346.77 | 337.33 | 330.07 | 320.63 | 313.37 |
| PRAJIND FUTURE | 88.20 | BEARISH | 96.13 | 92.17 | 89.83 | 85.87 | 83.53 |
| PUNJLLOYD FUTURE | 168.70 | BEARISH | 190.80 | 179.75 | 173.70 | 162.65 | 156.60 |
| PFC FUTURE | 261.35 | BEARISH | 277.02 | 269.18 | 263.67 | 255.83 | 250.32 |
| PATNI FUTURE | 565.85 | BULLISH | 590.82 | 578.33 | 562.27 | 549.78 | 533.72 |
| RANBAXY FUTURE | 451.05 | BEARISH | 481.75 | 466.40 | 457.30 | 441.95 | 432.85 |
| RELINFRA FUTURE | 1115.95 | BULLISH | 1178.22 | 1147.08 | 1117.32 | 1086.18 | 1056.42 |
| RELCAPITAL FUTURE | 751.80 | BEARISH | 811.97 | 781.88 | 765.92 | 735.83 | 719.87 |
| RELMEDIA FUTURE | 218.35 | BEARISH | 234.62 | 226.48 | 221.37 | 213.23 | 208.12 |
| RELIANCE FUTURE | 1085.90 | BEARISH | 1163.07 | 1124.48 | 1099.42 | 1060.83 | 1035.77 |
| ROLTA FUTURE | 184.45 | BEARISH | 206.72 | 195.58 | 189.32 | 178.18 | 171.92 |
| RPOWER FUTURE | 157.45 | BEARISH | 164.38 | 160.92 | 157.83 | 154.37 | 151.28 |
| RNRL FUTURE | 63.85 | BEARISH | 66.62 | 65.23 | 64.42 | 63.03 | 62.22 |
| SBIN FUTURE | 2051.25 | BEARISH | 2153.28 | 2102.27 | 2065.88 | 2014.87 | 1978.48 |
| TATAMOTORS FUTURE | 784.40 | BEARISH | 812.80 | 798.60 | 779.55 | 765.35 | 746.30 |
| TATAPOWER FUTURE | 1324.25 | BEARISH | 1393.92 | 1359.08 | 1339.17 | 1304.33 | 1284.42 |
| TATATEA FUTURE | 988.35 | BEARISH | 1064.48 | 1026.42 | 1006.48 | 968.42 | 948.48 |
| TCS FUTURE | 818.80 | BULLISH | 862.00 | 840.40 | 814.00 | 792.40 | 766.00 |
| TATASTEEL FUTURE | 689.75 | BULLISH | 712.62 | 701.18 | 683.92 | 672.48 | 655.22 |
| TITAN FUTURE | 2050.30 | BULLISH | 2170.40 | 2110.35 | 2001.95 | 1941.90 | 1833.50 |
| TATACOM FUTURE | 281.70 | BEARISH | 296.63 | 289.17 | 285.13 | 277.67 | 273.63 |
| UNITECH FUTURE | 81.15 | BULLISH | 85.52 | 83.33 | 79.82 | 77.63 | 74.12 |
| WIPRO FUTURE | 721.30 | BULLISH | 753.93 | 737.62 | 717.28 | 700.97 | 680.63 |
| ZEEL FUTURE | 291.45 | BULLISH | 309.08 | 300.27 | 290.23 | 281.42 | 271.38 |

**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૯.૦૫**

નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.

જાહેરાત

**યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેક્નોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો**

**નિફ્ટી સુત્ર પાન નં. ૩ નું ચાલુ**

મીનીટ - નીચે તરફ, ૫૩૫૦, ૯૦ મીનીટ - નીચે તરફ, ૫૩૫૦, દૈનિક - ઉપર તરફ, ૫૦૦૦, સાપ્તાહિક - ફલેટ ૫૦૦૦,

### દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 5350 | 5280 | +90 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 5310 | 5280 | +50 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 5280 | 5270 | +20 |
| Medium term | Monthly | 20 (1-0.8) | UP | 4930 | 5150/5310** | +330 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 4770 | 5060/5310** | +490 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4590/5160** | +1590 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે.ટ્રીગર અથવા તો નીચેની સપાટીએ બજારને છોડો અથવા તો દાખલ થાઓ.

# તાલ્વલ્કર્સ બેટરનો ઈસ્યૂ ૨૧મીએ ખૂલશે

નવા નાણાંકીય વર્ષમાં એટલે કે એપ્રિલ મહિનામાં પ્રથમ ઈસ્યુની જાહેરાત થઈ ચૂકી છે. આગામી ૨૧મી એપ્રિલના રોજ મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈસ્યુ ૨૩ એપ્રિલન રોજ બંધ થશે. કંપની રૂા. ૧૨૩થી ૧૪૫ ની પ્રાઈઝ બેન્ડ જાહે કરી છે.

તાલ્વલ્કર્સ બેટરના ઈશ્યુની માહિતી જગ્યાના અભાવ અને સમયના અભાવે ટૂંકી માહિતી આપી છે જેથી રોકાણકારોએ સાવચેત રહી રોકાણ કરવું.

આ ઈસ્યુ ભરવા માટે ૫૦ શેરનો એક લોટ નક્કી કરવામાં આવ્યો છે.

જો કે બજારના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ઈસ્યુને અન્ય જવેલરી સેક્ટરના આઈપીઓ કરતા સારો પ્રતિસાદ મળે તેવી ધારણા સેવે છે. પરંતુ આવનાર સપ્તાહમાં મંદીનો માહોલ હોવાને કારણે ઈસ્યુને મંદીનો રંગ પણ લાગી શકે છે.

# ઘણાં લાંબા સમયથી ચાલતી તેજીનો નાનકડો આવેલો કોમર્શિયલ બ્રેક

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ. ૧૭૩**

ઉપર જણાવ્યા પ્રમાણે ગત સપ્તાહમાં ઘણાં લાંબા સમય પછી એકધારી ચાલી રહેલી તેજીને નાનકડા વિરામ પૂરતી બ્રેક લાગી. જેનું મુખ્ય કારણ મોંઘવારી વધીને ૧૦ ટકા થઈ ગઈ. બે આંકડામાં પહોંચી ગઈ તેમજ આઈઆઈપી (ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રી પ્લાન પ્રોડક્શન) ગત વર્ષ કરતા ઘટીને ૧૫.૧ આવ્યો. જે ગત વર્ષનાા ૧૬.૨ કરતા નીચે છે. પરંતુ સારા ત્રિમાસિક પરિણામોને ધ્યાનમાં રાખી તેમજ વિશ્વના બજારમાં ચાલી રહેલી તેજીના પગલે આવતા સપ્તાહમાં પણ ફરી તેજીના પગલે શેર બજારમાં તેજીનો દોર યથાવત્ રહેશે.

ગત સપ્તાહમાં ઘણાં લાંબા સમય પછી મુંબઈ શેર બજારનો આંક ૩૩૨ પોઈન્ટના સાપ્તાહિક ઘટાડા સાથે ૧૭૬૦૦ બંધ આવ્યો.

હંમેશની જેમ તેજી હોય કે મંદી હોય. ઓછા જોખમે સારુ વળતર આપી શકે તેવા પાંચ લગડી જેવા શેરો લેવાની ભલામણ કરું છું.

**એપ્ટેક લી. .**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ. ૧૭૩**

જાણીતા બીગ બુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈ એજ્યુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરમાં તેજીનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. તો આ શેરમાં ઘટવાના ૨ અને વધવામાં ૨૦ રૂા.ની શક્યતા છે. તો આ શેરમાં હાલના ભાવે ડીલીવરી રોકાણ કરવું હિતાવહ રહેશે.

**આવતા સપ્તાહમાં મીડકેપ, આઈટી તેમજ ઓટો એન્સીલીયરીના શેરોમાં ફૂલગુલાબી તેજી !!!**

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

**બારટ્રોનિક્સ**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૪**
**હાલનો ભાવ રૂ. ૧૫૫**

બાયોમેટ્રીક સોફ્ટવેરનાં વ્યવસાય સાથે સંકળાયેલ કંપનીના શેરમાં છેલ્લા ૨ મહિનાથી કોઈ મોટા ઓપરેટર દ્વારા એક્યુમ્યુલેશન થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. જે આ શેરોમાં ગમે ત્યારે ૧૫ થી ૨૦ રૂા.નો ઉછાળો જોવા મળે. તો આ શેરમાં ડીલીવરીર બેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

**ઓટોલાઈન ઈન્ડસ્ટ્રીઝ**
**બીએસઈ કોડ ૫૩૨૭૯૭**
**હાલનો ભાવ રૂ. ૧૨૬**

ઓટો એન્સીલીયરીના વ્યવસાય સાથે સંકળાયેલી આ કંપનીમાં રાકેશ ઝૂનઝૂનવાલાનું ૪ ટકા હોલ્ડીંગ છે. કંપની તેના આઈપીઓ પ્રાઈઝ કરતા અડધા ભાવે ઉપલબ્ધ છે. તો આ શેરમાં હાલના ભાવે રોકણ કરવાની ઉત્તમ તક છે.

**ટીએફસીઆઈ (ટૂરીઝમ ફાયનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)**
**બીએસઈ કોડ ૫૨૬૬૫૦**
**હાલનો ભાવ રૂ.૩૦**

ટૂરિઝમ ફાયનાન્સનાં વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીમાં સરકારનું ૫૬ ટકા હોલ્ડીંગ છે. તેમજ તેમજ કંપની તાજેતરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાયનાન્સના વ્યવસાયમાં ઝંપલાવ્યું છે. તો આ શેરમાં હાલના ભાવે કરેલું રોકાણ લાંબાગાળે લોટરી જેવું સાબિત થશે.

**એડવાન્સ માઈક્રો સિસ્ટમ**
**બીએસઈ કોડ ૫૧૭૫૫૨**
**હાલનો ભાવ રૂ. ૫૦**

મેડીકલ ડીવાઈઝના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરમાં હાલના ભાવે કરેલું રોકણ તમને બે ત્રણ વર્ષ પછી સુખી સમૃદ્ધ અને તંદુરસ્તીમય જીવન અર્પી શકે છે. તો આ શેરમાં માત્ર અને માત્ર લાંબાગાળાના રોકણકારે રોકાણ કરવું હિતાવહ રહેશે.

**એપ્ટેકના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી સુખી અને સમૃદ્ધ બનાવો**

# નિફ્ટી ૫૩૪૫ નીચે વેચી હોય તો બની શકે તમને ૫૪૦૦નું લેવલ ફરીથી ૨૦૧૦માં જોવા ન મળે

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

ફરીથી મારે તમને પૂછવું પડશે ક્યાં ગઈ ૫૪૮૦-૫૫૫૦ નિફ્ટીની વાત. હવે નિફ્ટી ખૂબ જ મહત્ત્વની ટ્રેન્ડલાઈન બ્રેક કરી છે. હવે બની શકે કે આરબીઆઈની પોલીસી પાછળ કે પછી અમેરિકાની બેંકો જેવી ગોલ્ડમેન સાસના ગોટાળા પાછળ બજાર ૫૦ કે ૧૦૦ કે ૨૦૦ એટલે કે ૪૮૦૦-૪૯૦૦ની રેન્જમાં આવી શકે છે.

મિત્રો આપણે વાત થઈ હતી એમ કે બજારને મંદીના કારણો મળી રહેશે. બસ માત્ર તમે એલર્ટ રહેજો. અને હવે ઈન્વેસ્ટર માટે ખાસ જે ત્રિમાસિક પરિણામો રાહ જોઈ રહ્યા છે મિત્રો, બજારને સમય આપો. કારણ કે બજારને આવનાર સપ્તાહમાં ઘણા બધા સમાચારનો સામનો કરવાનો છે.

**ઈનવેસ્ટ માટે ખાસ બજારને સમય આપો આવનાર સપ્તાહમાં બજારને ઘણા સમાચારનો સામનો કરવાનો છે**

હવે મિત્રો, વાત કરીએ ટ્રેડીંગની તો આપણે જણાવેલ છે કે ૨૦૧૦નું વર્ષ માત્રને માત્ર ટ્રેડર્સનું જ છે. અને અમારી વાત તમને ડીસે.-૨૦૧૦માં સમજાવી જશે.

**DHAN WIN- "WINNER'S CHOICE"**



**હિમાંશુ જાની**
**મો. ૯૩૭૬૯૨૫૯૩૨**
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

